# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 21-08-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી પૉલેન્ડ અને યુક્રેનના ત્રણ દિવસીય પ્રવાસે
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ નવી દિલ્હીમાં 19માં CII - ભારત - આફ્રિકા વેપાર સંમેલનનાં ઉદ્ઘાટન સત્રને સંબોધન કરશે
- ✓ ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસીય ચોમાસું સત્રનો આજથી પ્રારંભ
- ✓ કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને આ વર્ષે જૂનમાં 19 લાખ, 29 હજાર નવા સભ્યો જોડ્યા
- ✓ અને આજે ઉત્તરપૂર્વીય ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

## *PM POLEND UKRAINE VISIT*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી પૉલેન્ડ અને યુક્રેનના ત્રણ દિવસીય પ્રવાસે રવાના થશે. પૉલેન્ડની રાજધાની વારસૉમાં શ્રી મોદનું સ્વાગત કરાશે. તેઓ પૉલેન્ડના પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્ક અને રાષ્ટ્રપતિ આંદ્રેજ ડૂડા સાથે મુલાકાત કરશે. પ્રધાનમંત્રી મોદી અહી ભારતીય સમુદાયના લોકો, વેપારીઓ પ્રતિનિધિઓ સાથે ચર્ચા પણ કરશે.**

..................

## *VP US CONFERENCE*

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે નવી દિલ્હીમાં 19માં CII - ભારત - આફ્રિકા વેપાર સંમેલનનાં ઉદ્ઘાટન સત્રને સંબોધન કરશે. ત્રણ દિવસના આ સંમેલનમાં વેપાર, રોકાણ, માળખાગત સુવિધાઓ, આરોગ્ય અને સારવાર તેમજ ટેક્નૉલોજી જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે. આ સંમેલનમાં 65 દેશોના 11થી વધુ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે, જેમાંથી 47 આફ્રિકી દેશોથી છે.

..................

## *GUJARAT – SESSION*

ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસીય ચોમાસું સત્રનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. ચાર બેઠકોમાં આ સત્ર મળશે. સત્રની શરૂઆતમાં વિદાય થયેલા સભ્યો અને તાજેતરમાં મૃત્યુ પામેલા અન્ય પ્રખ્યાત હસ્તીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

સત્ર દરમિયાન ગૃહમાં જીએસટી સુધારા ખરડો, ગુજરાત નાર્કોટિક્સ કંટ્રોલ સુધારા ખરડો અને ગુજરાત વિશેષ અદાલત ખરડા સહિતના પાંચ ખરડા રજૂ કરાશે. આ દરમિયાન વિપક્ષે સત્ર લંબાવવાની માંગ કરી છે.

..................

## *INDIA 2 + 2*

ભારત અને જાપાન વચ્ચે ગઈકાલે ટુ પ્લસ ટુ મંત્રીસ્તરીય બેઠક નવી દિલ્હીમાં મળી હતી. આ બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે  જાપાનમાં તેમના સમકક્ષ સંરક્ષણ મંત્રી કિહરા મિનોરુ અને વિદેશમંત્રી યોકો કામિકાવા સાથે વાટાઘાટો કરી હતી.

બેઠકમાં બંને દેશોએ દ્વિપક્ષીય સહકારની સમીક્ષા કરવાની સાથે સાથે પારસ્પરિક સંબંધોને મજબૂત બનાવવાની નવી શક્યતાઓ વિશે ચર્ચા કરી. ઉપરાંત પરસ્પર હિતોના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન – પ્રદાન પણ કરાયું.

બેઠક બાદ પત્રકારોને સંબોધતા સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે જણાવ્યું કે બંને દેશો વચ્ચેના પારસ્પરિક સંબંધોમાં સપ્ટેમ્બર, 2022માં ટોકિયોમાં આયોજીત બેઠક બાદ પ્રગતિ થઈ છે. તેમણે ઉમેર્યું કે આવું બંને દેશોના સંરક્ષણ મંત્રાલય વચ્ચે સહકાર અને સમન્વયથી શક્ય બન્યું છે. વધુમાં કહ્યું કે, હિન્દ મહાસાગર ક્ષેત્ર વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા માટે ભારત અને જાપાનની ભાગીદારી અનેક રીતે મહત્વની છે.

વિદેશમંત્રી ડૉ. એસ. જશશંકરે જણાવ્યું કે બેઠકમાં સંરક્ષણ અને સુરક્ષા સંદર્ભે સાર્થિક દૃષ્ટિકોણની ચર્ચા કરાઈ. વધુમાં તેમણે ઉમેર્યું કે છેલ્લા બે વર્ષોમાં ભારત અને જાપાનથી જોડાયેલા પ્રાદેશિક અને વૈશ્વિક પરિદૃશ્ય ઘણા ખરાં એકબીજા સાથે જોડાયેલા રહ્યા છે.  વધુમાં તેમણે ઉમેર્યું કે ટુ પ્લસ ટુ મંત્રીસ્તરીય વાટાઘાટો - બંને દેશો વચ્ચે સહકાર વધારવાનો સુઅવસર રહી. તેમણે આ પ્રસંગે જાપાનના ફુકુઓકામાં ટૂંક સમયમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસ ખોલવાની જાહેરાત કરી હતી.

.................

## *MODI-MALAYSIA PM*

ભારત અને મલેશિયાએ શ્રમ અને રોજગાર, આયુર્વેદ, પરંપરાગત દવાઓ, ડિજિટલ ટેકનોલોજી, સંસ્કૃતિ, પર્યટન અને રમતગમત ક્ષેત્રોમાં સહકાર ક્ષેત્રે સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

બંને દેશોએ જાહેર વહીવટ, વહીવટી સુધારણા અને પરસ્પર સહયોગના ક્ષેત્રમાં પણ કરારો કર્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મલેશિયાના પ્રધાનમંત્રી અનવર બિન ઇબ્રાહિમ વચ્ચે ગઇકાલે નવી દિલ્હીમાં યોજાયેલી પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ આ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

બાદમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પત્રકારોને સંબોધતાં જણાવ્યું હતું કે ભારત અને મલેશિયાએ તેમની વ્યાપક રણનિતી ભાગીદારીને વધારવાનો નિર્ણય લીધો છે. આસિયાન અને ભારત-પ્રશાંત દેશોમાં મલેશિયા ભારત માટે મહત્વનો ભાગીદાર છે.

આ પ્રસંગે મલેશિયાના પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, બંને દેશોએ હજુ અનેક વેપારી ક્ષેત્રોને ચકાસવાની જરૂર છે.

.................

## GOVT - LATERAL ENTRY

કેન્દ્રીય જાહેર સેવા આયોગ-યુપીએસસીએ લેટરલ એન્ટ્રી અંગેની જાહેરાત રદ કરી છે. અગાઉ, સરકારે યુપીએસસીને લેટરલ એન્ટ્રી અંગેની જાહેરાત રદ કરવા નિર્દેશ આપ્યો હતો. યુપીએસસીએ તાજેતરમાં કેન્દ્રીય મંત્રાલયોમાં 45 સંયુક્ત સચિવો, નિયામકો અને નાયબ સચિવોની નિયુક્તિ માટેની જાહેરાત પ્રસિદ્ધ કરી હતી, જેની સામે વિરોધ પક્ષોએ પ્રશ્નો ઉઠાવ્યા હતા.

કેન્દ્રીય કાર્મિક અને લોક ફરિયાદ મંત્રી ડોક્ટર જીતેન્દ્ર પ્રસાદે યુપીએસસીના ચેરમેન પ્રિતી સુદાનને પત્ર લખીને જાહેરાત રદ કરવા જણાવ્યું હતું.

દરમિયાન, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે, લેટરલ એન્ટ્રીને અનામતના સિધ્ધાંતો સાથે સંલગ્ન કરવાનો નિર્ણય સામાજિક ન્યાય પ્રત્યે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રધિબધ્ધતા સૂચવે છે.

.................

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## EPFO MEMBER

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન – EPFOએ આ વર્ષે જૂનમાં 19 લાખ, 29 હજાર સભ્યો જોડ્યા છે, જે ગત વર્ષે આ જ મહિનાની સરખામણીએ સાત

ટકાથી વધુના વધારાને દર્શાવે છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું છે કે સભ્યોની વધતી સંખ્યાને, રોજગારની તકો સહિત અન્ય કારણો સાથે જોડીને જોઈ શકાય છે. આંકડાઓ અનુસાર આ વર્ષે જૂન દરમિયાન અંદાજે 10 લાખ, 25 હજાર નવા સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી.

.................

## BANGLADESH SHAIKH HASINA

બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીના અને તેમના સહયોગીઓ સામે મંગળવારે ઓછામાં ઓછી નવ જેટલી ફરિયાદો નોંધવામાં આવી છે, આ સાથે તેમની સામે દાખલ કરાયેલા કુલ કેસોની સંખ્યા 31 થઈ છે. જેમાંથી 26માં હત્યાનો આરોપ, 4 નરસંહાર અને માનવતા વિરુદ્ધ ગુના સહિતના કેસો સામેલ છે.

બાંગ્લાદેશ સર્વોચ્ચ અદાલતના એક વકીલે શેખ હસીના અને અન્ય 23 લોકો સામે 5 મે, 2013ના રોજ યોજાયેલી રેલી દરમિયાન માનવતા વિરુદ્ધનો ગુનો આચરવાનો તેમજ નરસંહારનો આરોપ મૂક્યો છે.

.................

## BJP JAMMU KASHMIR

ભારતીય જનતા પક્ષે આગામી જમ્મૂ કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીના નેતા રામ માધવ અને કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડીને ચૂંટણી પ્રભારી નિયુક્ત કર્યા છે. જમ્મૂ કાશ્મીરમાં 18, 25 અને પહેલી ઑક્ટોબર એમ ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે.

.................

## IMD

હવામાન વિભાગ (IMD)એ આજે અને આવતીકાલે ઉત્તરપૂર્વીય ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં હવાના ઓછા દબાણની પરિસ્થિતી સર્જાતા  આસામ, મેઘાલય,

નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઓડિશા સહિત દેશના પૂર્વીય ભાગોમાં પણ આગામી થોડા દિવસો સુધી ભારે વરસાદની શક્યતા છે. આગામી બે દિવસ દરમિયાન કેરળ, તમિલનાડુ અને લક્ષદ્વીપમાં પણ ભારે વરસાદ પડી શકે છે.

.................

## *BANGLADESH-ICC WOMEN'S T20*

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ- ICC એ મહિલા T20 વિશ્વ કપની યજમાની બાંગ્લાદેશના બદલે સંયુક્ત આરાબ અમીરાત કરશે તેવો નિર્ણય લીધો છે. જો કે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ સત્તાવાર રીતે આ કાર્યક્રમનું યજમાન રહેશે. આ ટુર્નામેન્ટ આગામી 3 થી 20 ઓકટોબર દરમિયાન દુબઈ અને શારજાહ એમ બે સ્થળોએ યોજાશે. ICCના મુખ્ય કાર્યકારી અધિકારીએ આ નિર્ણયની પુષ્ટિ કરી હતી અને બાંગ્લાદેશમાં આ ટુર્નામેન્ટ ના યોજી શકવા પર નિરાશા વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશમાં પ્રવર્તમાન અરાજકતાને પગલે ICCએ ટુર્નામેન્ટનું સ્થળ બાંગ્લાદેશથી બદલીને UAE કર્યું છે જેથી સુરક્ષિત વાતાવરણમાં સમગ્ર ટુર્નામેન્ટ રમાઈ શકે.

.................

## *INTERNET AND TELECOM*

નાણાકીય વર્ષ 2023-2024માં દેશમાં 7.3 કરોડ ઈન્ટરનેટ ગ્રાહકો અને 7.7 કરોડ બ્રોડબેન્ડ ગ્રાહકો ઉમેરાયા છે. સંદેશાવ્યવહાર મંત્રાલયે જણાવ્યું છે કે, આ સમયગાળા દરમિયાન ઈન્ટરનેટ ગ્રાહકોની સંખ્યા 88 કરોડથી વધીને 95 કરોડ થઈ ગઈ છે.

2023-2024 દરમિયાન ટેલિકોમ સેક્ટરમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા- TRAIના વાર્ષિક

અહેવાલ મુજબ, દેશમાં ટેલિફોન ગ્રાહકોની સંખ્યા ગયા વર્ષના માર્ચના અંતમાં 117 કરોડથી વધીને આ વર્ષના માર્ચના અંતે લગભગ 120 કરોડ થઈ ગઈ છે.

.................